# દે દે ખાલી ડબ્બા, ખાલી બોતલ....!

જુના હિન્દી ફિલ્મમાં એક ગીત છે. “લે લે ખાલી ડબ્બા ખાલી બોતલ, ખાલી સે મત નફરત કર, ખાલી સારા સંસાર તો આ ગીતમાં ખાલી ડબ્બાનું મહિમાગાન કરવામાં આવ્યું છે. આવો ખાલી ડબ્બો એક ગૃહિણીની દૃષ્ટિએ અને ભંગાર વાળાની દૃષ્ટિએ જુદી જુદી ચીજ છે. જેમ પસ્તીવાળાને દરેક પુસ્તક પસ્તી સ્વરૂપ ભાસે છે. એ જ રીતે ભંગારવાળાને દુનિયાની દરેક ચીજ ભંગાર સ્વરૂપ ભાસે છે. એટલે ખાલી ડબ્બો એ ભંગારવાળાની દૃષ્ટિએ ડબ્બો છે જ નહીં. તે તો ભંગાર છે. આમ ભંગારવાળાને કોઈ ચીજના નામ સાથે કશી લેવા દેવા હોતી નથી. બસ તે ચીજ ભંગાર અવસ્થામાં હોવી જોઈએ અથવા તેનો માલિક તેને ભંગાર તરીકે કાઢી નાખવા તૈયાર હોવો જોઈએ.

આપણે ત્યાં ‘ડબ્બો’ શબ્દ પ્રચલિત છે. આ શબ્દ નામ કરતા વિશેષણ રૂપે વધુ લોકપ્રિય છે. અને વિશેષણ રૂપે વધુ વપરાય છે. જ્યારે ‘ડબ્બો’ શબ્દ વિશેષણ રૂપે વપરાય ત્યારે ‘સાવ નકામો’ એવો સૂર નીકળે છે. પણ જ્યારે નામ રૂપે વપરાય છે ત્યારે તે વ્યવહાર ઉપયોગી બની રહે છે. વિદ્યાર્થીકાળમાં કેટલાક સહપાઠીઓ માટે શિક્ષક દ્વારા આ શબ્દ છૂટથી વપરાતો. ત્યારે ગુરુજીના કહેવામાં એવો સૂર સંભળાતો કે ‘આના મગજમાં કાંઈ ઉતરે એમ નથી,બધું જ પથ્થર પર પાણી છે.’ એટલે કે આ પાત્રમાં કશું જ ભરી શકાય તેમ નથી. જ્યારે નામ રૂપે ઓળખાતો ડબ્બો પછી ભલે તે કેરોસીનનો, તેલનો,ગોળનો કે રેલવેનો હોય! એમાં અનુક્રમે માલ માણસો

**નટવર પંડ્યા**

ભરચકક ભરી શકાય છે. એમાં ય જો ડબ્બો રેલવેનો હોય અને સેકન્ડ ક્લાસ હોય તો તેમાં થર્ડ ક્લાસના બધા જ લક્ષણો જોવા મળે છે. જેમ ભારતીય સંસ્કૃતિએ બહારથી આવેલા બધાને પોતાનામાં સમાવી લીધા. એ જ રીતે રેલવેનો જનરલ ડબ્બો બધાને પોતાનામાં સમાવી લે છે. તેમાં મુસાફરી કરો તો ખ્યાલ આવે કે આના માટે જનરલ ડબ્બો એવુ નામ અને વિશેષણ બંને ઉચિત છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે જે રીતે ઘૂસણખોરો ભારતમાં ઘૂસી જાય છે. એ જ રીતે ડબ્બો ચિકકાર ભરાઈ ગયા પછી પણ કેટલાક શખ્સો તેમાં ઘૂસી જાય છે. જો કે તેલના ડબ્બામાં ફર્સ્ટ ક્લાસ,સેકન્ડ ક્લાસ એવા કોઈ ‘ક્લાસ’ હોતા નથી. પણ તેમાં ‘રિફાઈન્ડ’ કે ‘ડબલ રિફાઈન્ડ’ લખેલું જોવા મળે છે. અને દરેક ડબ્બા પર શુદ્ધ કપાસિયા તેલ, શુદ્ધ સિંગતેલ ‘લખેલું’ હોય છે. તેથી લોકોની શંકા દ્રઢ થાય છે. જો કે તેલના ડબ્બાઓમાં પણ ‘જુનો’ અને ‘નવો’ એવા બે વર્ગો તો છે જ. તે બંનેના ભાવ પણ અલગ અલગ હોય છે.

અગાઉ કહ્યું તેમ આવા ખાલી ડબ્બામાં પણ ભંગારવાળાને તો ભંગારનું જ તત્વ જ દેખાય છે. અરે કેટલીકવાર ભંગારવાળો/વાળી ભલે બોલી શકતો નથી. પણ તેને મનુષ્યમાં પણ ભંગારના દર્શન થાય છે. માટે કોઈપણ ભંગારવાળાની દૃષ્ટિએ મનુષ્ય પણ એક ભંગાર જ છે. જ્યારે તેને સાચવનાર ગૃહિણી માટે તે એક ખાલી ડબ્બો છે.(સામા પક્ષે પણ એવું જ હોય છે!) વળી મનુષ્ય કયા ક્ષેત્રમાં છે તેના આધારે તેનું મૂલ્ય નક્કી થાય છે. એ જ રીતે ડબ્બો શાનો છે તેના આધારે તેની કિંમત નક્કી થાય છે. એ બાબતો ગૃહિણી અને ભંગારવાળા બે જ જાણતા હોય છે. બાકી આપણા જેવા પુરુષો માટે તો બધા જ ડબ્બા સરખા. (કારણકે પોતે પણ એક પ્રકારનો ડબ્બો જ હોય છે.)આપણે વિચારીએ કે ડબ્બો કેરોસીનનો હોય કે તેલનો! શું ફરક પડે છે. પણ ના આ બંનેમાં હાથી ઘોડાનો ફરક છે. જેમ હીરાપારખું એક જ નજરમાં નકલી અને અસલી ડાયમંડ વચ્ચેનો ભેદ પારખી શકે છે. એ જ રીતે ડબ્બા પારખું એટલે કે ભંગારવાળો માત્ર એક જ નજરથી ડબ્બાઓ વચ્ચેનો ભેદ પારખી શકે છે. એટલું જ નહીં તે નીચે ઊભા ઊભા ત્રીજા માળના ફ્લેટની બારીએથી બતાવવામાં આવેલ ડબ્બાની જાત પારખી તેનું



સચોટ મૂલ્ય આંકી શકે છે. અને એ જરૂરી પણ છે. જે ભંગારવાળો ડબ્બાઓનો ભેદ પારખી શકે એ જ ડબ્બામાંથી દાળ રોટલો કાઢી શકે. બાકી વિઝન વગરનો માણસ ફક્ત દેખાદેખીથી ખાલી ડબ્બાની દુનિયામાં ઝંપલાવે તો તેના માટે ડબ્બાબજાર એ શેરબજાર કરતા પણ ખતરનાક સાબિત થઈ શકે છે. તેમાં એ પણ ડબ્બાની જેમ ખાલી થઈ જાય. જે રીતે ભરેલા ડબ્બાઓનો ખાસ કરીને ‘ક્યારે સંગ્રહ કરવો’ અને ‘ક્યારે ખાલી કરવા’ એ બધા ખેલ જેને ફાવતા હોય તે ડબ્બાઓમાંથી સારા એવા રૂપિયા રળી શકે છે. એ જ રીતે ખાલી ડબ્બાઓનો પણ ‘ક્યારે સંગ્રહ કરવો’ અને ‘ક્યારે ગોડાઉન ખાલી કરવું’ એવી ભરતીઓટની સૂઝ જેનામાં હોય તેને ડબ્બા ટ્રેડિંગ ફળે છે. જો કે ડબ્બા વગરનું પણ એક જબરું ‘ડબ્બા ટ્રેડિંગ’ ચાલતું હોય છે પણ એ જરા જુદી વાત છે.

. આમ શેરીમાં ડબ્બા માટે બૂમ પાડતા ભંગારવાળાનો પંચમ (અ)સૂર સાંભળીને તરત જ ગૃહિણીઓ પોતાના ડબ્બાની યોગ્ય કિંમત પ્રાપ્ત કરવા ડબ્બા સહિત ફ્લેટની બારીએ કે ગેલેરીમાં ડોકાય છે. બારીએ નજર કરતાં જ ભંગારવાળાને પહેલી મૂંઝવણ ‘આમાંથી ભંગાર ક્યો!’ એ બાબતે થાય છે. પછી ભાવતાલ માટે લગભગ વિવાદ કહી શકાય એવો સંવાદ રચાય છે. ગૃહિણી પૂછે છે, “આ ડબ્બાના કેટલા?”ભંગાર વાળો પૂછે, “શાનો છે?”

ગૃહિણી કહે, “સિંગતેલનો”

ભંગારવવાળો પ્રતિ પ્રશ્ન કરે, “નવો છે કે જુનો?”

“અરે નવો જ છે.”

“જામનગરનો કે મોરબીનો?”

“જામનગરની ઓઈલ મીલનો છે, કેટલા આપવા છે બોલ!”

“નવો હોય તો સતર રૂપિયા!”

“નવાના સતર જ થોડા હોય!”

“બીજા તો બાર રૂપિયા જ આલે છે.”

“ગઈકાલે તો એક ભંગારવાળો નવાના પચીસ આપી ગયો!”

“તો તેને આપી દેવો ‘તો ને!”

“હું ઘેર નહોતી.”

“ઠીક છે ડબ્બો બતાવો!”ત્રીજા માળના ફ્લેટની બારીએથી ગૃહિણી ડબ્બો બતાવે છે. ડબ્બાવાળો નીચે ઊભા ઊભા ડબ્બો બરાબર જોઈને, “એ તો જૂનો છે બાર રૂપિયા આવે!”

“જુનો ક્યાં છે? સાવ નવો છે અહીં આવીને જોઈ લે!”

“ત્યાં આવવાનું શું હોય. અહીંથી જ ખબર પડી જાય. અમે સાત પેઢીથી આ જ ધંધો કરીએ છીએ.”આમ ડબ્બાવાળો ડબ્બાને જૂનાનું સર્ટિફિકેટ આપે છે તેની સામે ગૃહિણી પુરા ઝનૂનથી તે નવો જ છે એમ સાબિત કરવા ધારદાર દલીલો કરે છે. જોકે ભંગારવાળા આવી ધારદાર દલીલોથી ટેવાયેલા હોય છે. કારણ કે ગલીએ ગલીએ અને ડબ્બે ડબ્બે તેણે એ જ દલીલો સાંભળવાની થતી હોય છે. તેથી ગૃહિણી પડોશી ધર્મ બજાવતી હોય એવા બુલંદ સ્વરે દલીલો કરે છે અને ડબ્બાવાળો કશું બોલ્યા વગર ચૂપચાપ બીજા ફ્લેટની બારીઓ તરફ જોયા કરે છે. આકાશ સામે જોયા કરે છે. ગૃહિણી પૂછે છે, “બોલ છેલ્લા કેટલા આપવા છે?”એટલે ફરીથી ફક્ત એ જ શબ્દો બોલે, “જૂનો છે બાર રૂપિયા આવે”આમ બંને પક્ષે પોતપોતાના દૃષ્ટિબિંદુ સાથે ડબ્બા વિશે દલીલો ચાલે છે. ઘણી મથામણને અંતે બંને પક્ષો એક ચોક્કસ બિંદુ પર આવીને અટકે છે અને ડબ્બો ઘરમાંથી વિદાય લે છે. બસ એ જ ક્ષણથી તે ભંગાર બની જાય છે. અને બીજા વર્ષે એ જ ડબ્બો શુદ્ધ સિંગતેલના નવા લેબલ સાથે કોઈ નવા ઘરમાં પ્રવેશે છે આ રીતે સંસારમાં ડબ્બાચક્ર ચાલતું રહે છે. અને આવા ડબ્બાઓને કારણે ભંગારવાળાનું સંસારચક્ર ચાલતું રહે છે.

**આમ તો વર્ષ દરમિયાન પોતાની રીતે શેર બજારમાં અને શેરીઓમાં ડબ્બા ટ્રેડિંગ ચાલતું રહે છે પણ દિવાળીના સમયે શેરીઓનું ડબ્બા ટ્રેડીંગ ખાસ જોર પકડે છે અને દિવાળી પહેલા સોસાયટીની શેરીઓમાં..લાવો..ઓ..ઓ.. ખાલી ડબ્બા.. આ ..ભંગાર.. અ... એવા બુલંદ સ્વરો અનેકવાર સાંભળવા મળે છે**

ખાલી ડબ્બો માત્ર તેલ કેરોસીન ભરવા પૂરતો જ ઉપયોગી છે એવું નથી. ઘરમાં ખાલી પડેલા ડબ્બાનો બેસવા માટે પણ ઉપયોગ થઈ શકે છે. ઓછી ઊંચાઈ ધરાવતી ગૃહિણીઓએ ઊંચી અભેરાઈ કે માળિયામાં કંઈ લેવું મૂકવું હોય (અને જો તેનું શરીર હળવું હોય!) તો ડબ્બો જ તેને એક ચોક્કસ ઊંચાઈએ પહોંચાડે છે. પણ મનુષ્ય જ્યારે ડબ્બો બની જાય છે ત્યારે તે સાવ નકામો પુરવાર થાય છે. વળી ગોળ,તેલ, કેરોસીનના ડબ્બાઓને તો ભંગારમાં પણ દઈ શકાય. પણ ડબ્બો બની ગયેલો મનુષ્યને ભંગાર તરીકે લેવા પણ કોઈ રાજી નથી. જો એકવાર કોઈ ‘માનવભંગાર’ લેવાની પહેલ કરે તો સૌથી વધુ ભંગાર તેને આ ક્ષેત્રમાં (અમારા ક્ષેત્રમાં જ!) મળી રહે. બાકી તો ઘર ભલે નાનાં હોય કે મોટું પણ ગૃહિણી અને ડબ્બા વિના તે ઘર બનતું નથી. ઘરમાં જુઓ તો તેલ કેરોસીનના ડબ્બા,ગોળના ડબ્બા, ઘીના ડબ્બા, ચા ખાંડના ડબ્બા, લોટના ડબ્બા, મસાલાના ડબ્બા-ડબ્બી. (ગુજરાતી ભાષામાં આમાં પણ નરનારી મળી આવે છે. કારણ કે ડબ્બી વગર તો ડબ્બોય નકામો જ ને.) આમ નાના મોટા અનેક સ્વરૂપે ડબ્બા જોવા મળે છે. આ ઉપરાંત એક ‘વિશેષ ડબ્બો’ જે દરેક ઘરમાં સ્થાન ધરાવે છે. આ બધું હોય ત્યારે જ ઘર કહેવાય અને ઘર હોય ત્યાં ભંગાર હોય જ અને ભંગાર હોય ત્યાં ભંગારવાળો આવે.

ગરમાગરમ: શેરી ગલીના ક્રિકેટ મેચમાં અમ્પાયર બનવું સહેલું નથી, કારણ કે એમાં બહુ જ ‘સુરતી’ સાંભળવી પડે છે.

# ચાર વર્ષ જૂનો ગુનો સાબિત કરવાનો હાઈ-પ્રોફાઈલ કેસ

કર્ણાટકના વગદાર રાજકારણી પ્રજ્વલ રેવન્નાના વાંધાજનક વીડિયો ધરાવતી પેન-ડ્રાઈવ વાયરલ થઈ અને વિવાદ દેશભરમાં ખૂબ ચગ્યો હતો. એ તબક્કે રેવન્નાના ઘરની કામવાળી બાઈએ પોલીસમાં ફરિયાદ કરી, જેનાથી નવો જ ફણગો ફૂટ્યો હતો. એ સન્નારીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે પ્રજ્વલે મારું જાતિય શોષણ કર્યું હતું અને હવે તે અને તેના પિતા મને ધમકાવી રહ્યા છે.

મીડિયામાં બૂમાબૂમ સાથે પ્રજાનો આક્રોશને પારખીને સરકારને મોટીમસ અને વિશ્વાસ ઉપજે એવી વિશેષ તપાસ ટૂકડી રચવાની ફરજ પડી હતી. વિજયકુમાર સિંહની આગેવાની હેઠળની આ ટીમમાં બે IPS અધિકારી સુમન ડી. પેડણેકર અને સીમત લાટકરને રખાયા હતા. આ ઉપરાંત 28 સભ્યોની ટીમમાં 14 મહિલાનો સમાવેશ કરાયો હતો. આનું નામ પ્રજાના આક્રોશનો સત્તાધીશોમાં ફફડાટ! એટલુ જ નહિ, આ તપાસ ટુકડીમાંથી એકેય સભ્ય કોઈની શેહમાં ન તણાઈ એની આગોતરી સાવચેતીરૂપે હાસન જિલ્લામાંથી કોઈનો સમાવેશ કરાયો નહોતો.

આ બધુ એપ્રિલમાં એટલે કે સ્કુલ વેકેશન અગાઉ થયું એટલે ‘સીટ’ના અમુક સભ્યોએ પરિવાર સાથેના વેકેશન પ્લાન પણ રદ કર્યા હતા.

આ કેસના તપાસ અધિકારી તરીકે 2010ની બેચનાં પોલીસ અધિકારી શોભા એન.ની નિમણૂંક કરાઈ હતી. તેઓ દિકરી સાથે ફરવા જવાના હતા પણ આ નવી અને કપરી જવાબદારી ઓચિંતી આવી પડતા બધા પ્લાન રદ કરવા પડ્યા હતા.

દેશના સૌથી વધુ હાઈપ્રોફાઈલ કેસમાંના એકની તપાસ ‘સીટ’ દ્વારા શરૂ થઈ, ત્યાં નવો ધડાકો થયો. પ્રજ્વલ રેવન્નાએ ઘરે કામ કરતી એક મહિલા ગાયબ થઈ ગઈ. વધુ ચોંકાવનારી બાબત એ હતી કે પ્રજ્વલના જે વીડિયો વાયરલ થયા હતા. એમાં એ સન્નારી સામેલ હતા. આ આંચકો પચે એ અગાઉ એટલે 29મી એપ્રિલે એ મહિલાના જમાઈએ પોલીસમાં ફરિયાદ કરીને એચ.ડી. રેવન્ના અને તેમની પત્ની ભવાનીએ મારી સાસુનું અપહરણ કરાવ્યું છે. જેમના પર આ આરોપ મુકાયો એ યુગલ એટલે પ્રજ્વલના માતા-પિતા.

આંચકાદાયક બાબત એ નીકળી કે લાપતા મહિલાના કુટુંબીજનોને જાણ નહોતી કે પ્રજ્વલના વીડિયોમાં એ પણ હતી. એ વીડિયો જોયા બાદ જમાઈએ યેનકેન પ્રકારણે સાસુનો સંપર્ક સાધવામાં સફળતા મેળવી. જમાઈએ પહેલો સવાલ પૂછ્યો કે તમે છો ક્યાં? શરૂઆતમમાં તો સ્પષ્ટ જવાબ ન મળ્યો. પરંતુ પછી સાસુમાએ પોતાનું સરનામું




આપ્યું, જે જમાઈએ પોલીસને આપ્યું.

આ માહિતી મળતાં જ વિશેષ તપાસ ટુકડીના સભ્યો એક ફાર્મ હાઉસ સુધી પહોચ્યાં, તો એ મહિલા ત્યાંથી નીકળીને પોતાના સંબંધી પાસે હુનસુર પહોંચી ચુકી હતી. પરંતુ ‘સીટ’ અને સ્થાનિક પોલીસે તેના સુધી પહોંચી ગઈ. એ કમનસીબને જાણ નહોતી કે પોતાને ગેરમાર્ગે દોરાઈ હતી. હકીકતમાં તો ‘તેં ખોટુ મતદાન કર્યું છે કે તારા નામે ખોટુ મતદાન થયું છે એટલે પોલીસ તને પકડવા આવી રહી છે’ એવુ કહીને એ મહિલાને જાહેરમાં આવતા રોકાઈ હતી. આવું કોણ અને શા માટે કરે એના કારણ સૂરજ સ્પષ્ટ છે.

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

ચોથી મેના રોજ વિશેષ તપાસ ટુકડી એ મહિલાને બેંગલુરુ લઈ આવી. આ મોટી સફળતા હતી કારણ કે પ્રજ્વલના વીડિયોમાં એ દેખાતી હતી. એની જુબાનીથી વીડિયો સાચા હોવાનું સાબિત થઈ શકે એમ હતું. આ બદનસીબ મહિલા બે બાળકોની માતા હતી. પ્રજ્વલે એની સાથે કથિત કુકર્મ કર્યું એના ચાર મહિના પૂર્વે તો તેણે (મહિલાએ) પોતાના પૌત્રનો જન્મદિન ઉજવ્યો હતો. આ અશિક્ષિત મહિલાના લગ્ન એવા પુરુષ સાથે થયા હતા, જે દારૂનો ભારે બંધાણી હતો. આ સંજોગોમાં એ મહિલા પ્રજ્વલ માટે છેલ્લા આઠ વર્ષથી ઘરકામ કરતી હતી.

**વિશેષ તપાસ ટુકડી માટે એને બોલતી કરવાનું અનિવાર્ય હતું. રીઢા ગુનેગારનું મોઢું ખોલાવવા સામ, દામ, દંડ અને ભેદમાંથી એકાદ કીમિયો કામ કરી જાય, પણ આ કેસ અલગ હતો**

આવી મહિલાનું જાતિય શોષણ થાય, એનો વીડિયો વાયરલ થઈ જાય અને એ રાજકીય કાવાદાવાના કેન્દ્રમાં આવી જાય. ત્યારે બધી સાનભાન ભૂલી જાય. હકીકતમાં તો પોલીસ એના સુધી પહોંચી ત્યારે એ એકદમ ડઘાઈ ગઈ હતી, દિગ્મુઢ થઈ ગઈ હતી.

વિશેષ તપાસ ટુકડી માટે એને બોલતી કરવાનું અનિવાર્ય હતું. રીઢા ગુનેગારનું મોઢું ખોલાવવા શામ, દામ, દંડ અને ભેદમાંથી એકાદ કીમિયો કામ કરી જાય, પણ આ કેસ અલગ હતો. આથી બેંગ્લુરુમાં ‘સીટ’ દ્વારા નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યૂરો સાયન્સીસના કાઉન્સિલરની વિશેષ ટીમની મદદ લેવાઈ. સાથોસાથ બેંગલુરુ સિટી પોલીસ કાઉન્સિલિંગ ટીમના પરિવાર પણ તેમની સાથે જોડાયા હતા. પરિવારના કહેવા મુજબ પોતાનો વિડીયો વાયરલ થવાનું જાણીને એ એકદમ ભાંગી પડી હતી. હવે શું કરવું કે ઘરે પાછા કેવી રીતે જઉં એની મુંઝવણે ઘેરી લીધી હતી.

એના ભણતર અને સામાજિક બેકગ્રાઉન્ડને ધ્યાનમાં લઈને કાઉન્સિલરની ટુકડીએ એની સાથેની વાતચીતમાં વીડિયો વિશે એક હરફ સુધ્ધા ન ઉચ્ચાર્યા. પરંતુ એનામાં આત્માવિશ્વાસનો સંચાર કરવાને પ્રાથમિકતા અપાઈ હતી. આ મહિલાને અનેક ઝેરીલા પ્રશ્નો સતાવતા હતા. હું ગામમાં પાછી ફરી શકીશ? મારો પતિ અને કુટુંબીજનો શું માનશે કે વિચારશે? હવે હું રોજીરોટી માટે શું કરીશ? અને... અને પ્રજ્વલ મને કે મારા કુટુંબીઓને હાનિ પહોંચાડે તો શું?

કલ્પના કરો કે એક પાકટ વયની શોષિત શિકાર મહિલાની આ લાગણી-પીડા છે. હકીકતમાં તેનામાં પીડિતાનો આક્રોશ હોવો જોઈએ પણ અહીં તો ફફડાટ છે, ડર છે ને ગભરાટ છે.

આ માહિતીની સૌ પ્રથમ વાત કરી બેંગ્લુરુના સીટી ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોના વિનુથા S.A. વિનુથાએ અખબારી મુલાકાતમાં કબૂલાત કરી, ‘એક મહિલા તરીકે મારા માટે આ જવાબદારી વધુ આકરી હતી. ન્યાય અપાવવામાં અમે તેની સાથે જ રહીશું. એવી હું ખાતરી આપતી હતી, ત્યારે મારા મનમાં બે સવાલ ફુંફાડા મારતા હતા : આરોપીની વગને ધ્યાનમાં રાખતા અમે તેને ખરેખર ન્યાય અપાવી શકીશું? અને જો એ મહિલા જુબાની આપ્યા બાદ અદાલતમાં હોસ્ટાઈલ (ફેરવી તોળે) થઈ જાય તો?’’

શરૂઆતમાં સ્પષ્ટપણે રાજકીય કેસ લાગતો હતો. આક્ષેપબાજી અને ચારિત્રહનનનો મામલો લાગતો હતો. પરંતુ પોલીસ અંદર ઉતરતી ગઈ. એમ લાગ્યું કે આ સાચો, ચોંકાવનારો અને વિવાદાસ્પદ હાઈ-પ્રોફાઈલ કેસ છે પરંતુ આમાં એવરેસ્ટ જેવી સમસ્યા એ હતી કે પોલીસે ત્રણ-ચાર વર્ષ જૂના અપરાધને સાબિત કરવાનો હતો ને એ પણ એક મોટા રાજકીય માથા સામે. કામ આસાન નહોતું, પણ ઘણાંને પડકાર જ જોશ પૂરા પાડે છે.

(ક્રમશ):

**સટ્ટાક — કમલ**

